# પ્રાંતિજ શ્રી વેરાઈ માતાનાં મંદિરે સમુહ આરતી યોજાઇ



સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આધશકિત આરાધના પર્વ ચૈત્રી નવરાત્રી ના આઠમાં દિવસે સમુહ આરતી યોજાઈ હતી જેમાં એક હજાર થી પણ વધારે લોકોએ માંની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. પ્રાંતિજ નાનીભાગોળ આરામગુહ પાસે આવેલ શ્રી વેરાઈ માતાનાં મંદિર ખાતે મંદિર વ્યવસ્થા કમીટી દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષે પણ માંના ચોક માં સમુહ આરતી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રાંતિજ સહિત આજુબાજુ માંથી રહેતાં ધર્મપ્રેમીઓ દ્વારા સમુહ આરતી માં ભાગ લઈ મા ની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી તો મંદિર વ્યવસ્થાપકો દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષેપણ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# રાસલોડ કષ્ટભંજન હનુમાન મંદિર ખાતે રામનવમીની ધામધૂમ પૂર્વક ઉજવણી



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રાસલોડ ખાતે આવેલ શ્રી કષ્ટભંજન હનુમાન મંદિર ખાતે રામનવમી ને લઈ ને અનોખી રીતે ઉજવણી કરવામા આવીહતી. પ્રાંતિજ ના રાસલોડ મંદિર ખાતે આવેલ હનુમાન મંદિર મા રહેલ રામજી મંદિર મા ફૂલોથી સગાળ કરવામા આવ્યો હતો અને આખુ મંદિર ફૂલોથી સગાળ કર્યો હતો તો મંદિર ખાતે દિવસ દરમ્યાન ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા જેમા યજ્ઞ, મહાઆરતી, ભજન કિર્તન , રામધૂન સહિત મહાપ્રસાદ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા ગુજરાત ભરમાંથી રામભકતો તથા હનુમાન ભક્તો ઉપસ્થિત રહ્યા હતા તો ઈક્મટેક્સ ઓફિસર સીંગ, ધનશ્યામ ભાઈ, રમેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા તો મંદિર ના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી દ્વારા દર વર્ષ ની જેમ આ વર્ષેપણ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# પ્રાંતિજના પોગલુ વારાહી શક્તિપીઠ ખાતે આંગણવાડીના ભૂલકાઓને ભોજન કરાવ્યુ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના પોગલુ ખાતે આવેલ વારાહી શક્તિપીઠ મંદિર વ્યવસ્થાપકો દ્વારા દુર્ગાઅષ્ટમીને લઈને ભૂલકાઓને ભોજન કરાવ્યુ પ્રાંતિજ તાલુકા ના પોગલુ ખાતે આવેલ સુપ્રસિદ્ધ યાત્રાધામ વારાહીશક્તિપીઠ ખાતે દુર્ગાઅષ્ટમી નિમિત્તે આંગણવાડી ના ૧૦૦ જેટલા બાળકોને ભોજન કરાવ્યુ હતુ તો મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંચાલિત કામધેનુ ગૌશાળા અને લેવિન ડેકોર એલે?.એલ.પી.પોગલુ સહયોગથી બાળકોને મનગમતુ ભોજન કરાવવામાં આવ્યુ હતુ જેમાં વારાહી શક્તિપીઠ ના મહંત સુનિલ દાસજી મહારાજ, અરુણ મહારાજ, અલ્પેશ પંડ્યા , આંગણવાડીના કાર્યકર્તા બહેનો સેજલબેન પંડ્યા , ,હેતલબેનપટેલ , અલકાબેનદરજી, ગાયત્રીબેન મકવાણા, મધુબેન મકવાણા સહિત ઉપસ્થિત રહ્યા હતા.



# આપણું મોડાસા સોશિયલ મીડિયા ગ્રુપે બહેરા મૂંગા શાળાના બાળકોને ખીર-પુરીનું ભોજન અને શુભેચ્છા ગિફ્ટ આપી



આપણું મોડાસા ગૃપ દ્વારા શ્રી વા.હી.ગાંધી બહેરા મુંગા શાળામાં બાળકોને ચૈત્ર નવરાત્રી આઠમ નિમિત્તે ખીર પુરી નું ભોજન કરાવી અને આગામી પરિક્ષા માટે પેન્સિલ રબ્બર સંચા ની કીટ તથા ચોકલેટ વિતરણ કરી બાળકોને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે ગૃપ ના ભગીરથ કુમાવત, મોડાસા, જગદિશભાઈ પટેલ, (ખારી કંપા), વલ્લભદાસ એમ પટેલ, મોડાસા, મુકેશભાઈ ગાંધી, મોડાસા, નીતિન પંડયા તથા સંસ્થાના શ્રી પરીનભાઈ જોષિ ઉમદા કાર્ય માં જોડાયા હતા.

# સાબરકાંઠા-અરવલ્લીમાં ફળને પકવવા કાર્બેટનો જોમખી ઉપયોગ : તંત્રનું ભેદી મૌન

**કાર્બેટ યુક્ત ફળ ખાવાથી મોંઢામાં ચાંદા પડવાની ફરિયાદ ઉઠી**

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઉનાળુ ફળનું આગમન થઈ ગયું છે ત્યારે ફળને પકવવા માટે ફળોના વેપારીઓ કાર્બેટનો જોખમી ઉપયોગ કરતા હોવાથી ફળનો સ્વાદ ચાખવા જતાં બિમારીનો ભોગ બનવું પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. જ્યારે કાર્બેટ યુક્ત દ્રાક્ષ, કેરી ખાવાથી મોંઢામાં ચાંદા પડવાની અનેક ફરિયાદો ઉઠવા પામી છે તેમ છતાં જવાબદાર તંત્રએ ભેદી મૌન સાધી લેતાં ફળોના વેપારીઓ કેરી પકવવા માટે બેફામ રીતે કાર્બેટનો ઉપયોગ કરી રહ્યા છે. જિલ્લામાં ધીમી ગતિએ ઉનાળાના અનેક ફળોનું આગમન થઈ ગયું છે. જો કે અનેક ફળોની માંગ સામે આવક ઓછી હોવાથી કેટલાક વેપારીઓ કાચાં ફળ મંગાવી બોક્સમાં જ કાર્બેટની પડીકીઓ મૂકી અકુદરતી રીતે કેરી પકવી રહ્યા છે. કાર્બેટ માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી હોવાથી આ પ્રકારે ફળો પકવવા કાયદેસરનો ગુનો બને છે પરંતુ જિલ્લામાં ફળોના વેપારીઓને કોઈ જ કહેનાર ન હોવાથી છેલ્લા કેટલાક દિવસોથી કેરી સાથે અન્ય ઉનાળુ ફળો ઝડપથી પકવવા માટે પણ કાર્બેટનો બેફામ ઉપયોગ શરૂ થયો છે જ્યારે કેટલાક કિસ્સાઓમાં તો કાર્બેટથી પકવેલ ફળ આરોગ્યા પછી મોંઢામાં ચાંદા પડવાની ફરિયાદો પણ વધી ગઈ છે. જ્યારે અકુદરતી રીતે પકવાયેલા ફળ દેખાવમાં પીળા દેખાય છે પરંતુ સ્વાદ ફીક્કો હોવા ઉપરાંત કાર્બેટથી પાકેલા ફળ બિમારના ઘર જેવી હોવાથી ફળ આરોગતા પહેલાં સોવાર વિચારવું પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે. જિલ્લામાં ઉનાળુ ફળોની માંગ વધતાં મોટા ભાગના વેપારીઓ ફળોને ઝડપથી પકવવા માટે કાર્બેટની પડીકીઓ મૂકી અકુદરતી રીતે ફળો પકવી રહ્યા છે પરંતુ જવાબદાર તંત્ર દ્વારા આ બાબતે આંખ આડા કાન કરાતા હોવાથી શરીર માટે ફાયદારૂપ ગણાતા ફળોને ઝેરીલાં બનાવવાના પ્રયાસો થઈ રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં કાર્બેટ યુક્ત ફળો આરોગવાથી મોંઢામાં ચાંદા પડવાની ફરિયાદો ધીરે ધીરે બહાર આવી રહી છે ત્યારે જવાબદાર તંત્ર આળસ ખંખેરી કાર્બેટથી ફળો પકવતા વેપારીઓ સામે શિક્ષાત્મક પગલાં ભરે તે જરૂરી છે અન્યથા આવનારા દિવસોમાં કહેવાતાં મીઠાં ફળો પ્રજાને ગંભીર બિમારીનો ભોગ બનાવી દે તો પણ નવાઈ નહીં હોય.

### ૭૦૦ થી વધુ શિક્ષકો હિટવેવની ઝપેટમાં

# જિલ્લામાં શાળા છૂટવાનો સમય સવારે ૧૦-૪૫નો કરવા શિક્ષકોની માંગ

## ધોમધખતી ગરમીમાં શિક્ષકો માટે વાહન હંકારવાં મુશ્કેલ

બાયડ (બ્યુરો એફિસ) તા.૧૦ ઉત્તર ગુજરાત ભીષણ ગરમીની ઝપેટમાં આવ્યું છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૭૦૦ થી વધુ શિક્ષકો। હિટવેવની ઝપેટમાં આવતાં ઝાડા-ઊલટી, ડી-હાઈડ્રેશનનો શિકાર બન્યા છે. હજુ તો એપ્રિલ મહિનાનું માંડ એઠવાડીયું થયું છે ત્યારે આ સ્થિતિ છે ત્યારે આવનારા દિવસોમાં સ્થિતિ વધુ વણસી શકે છે જેથી શાળાઓ છૂટવાનો સમય સવારે ૧૦૪૫નો કરવા શિક્ષક પરિવારોએ માંગ કરી છે.

એપ્રિલ મહિનાના આરંભે ગરમીએ રાડ પડાવી છે. ગરમીના અગાઉના રેકર્ડ દરરોજ તૂટી રહ્યા છે. તા.૧ એપ્રિલથી શાળાઓનો સમય સવારના ૭-૧૫ થી ૧૨-૧૫ કરવામાં આવ્યો છે જેથી ધોમધખતા તાપમાં શિક્ષકોને વાહન હંકારીને પોતાના રહેણાંક સ્થળે આવતા હોય છે. અસહ્ય ગરમીના કારણે પાછલા ૮ દિવસમાં જ ૭૦૦ થી વધુ શિક્ષકો હિટવેવની ઝપેટમાં આવી ગયા છે. ઝાડા-ઊલટી, ડી-હાઈડ્રેશન અને કેટલાક શિક્ષકોને લૂ લાગવાથી તાવ આવી જતાં અસહ્ય ગરમી। શિક્ષકોના આરોગ્યને હાનિ પહોંચાડી રહ્યું છે. આ સંજોગોમાં રાજ્યના પ્રા.શિક્ષણ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્રએ પણ શિક્ષકો અને બાળકોના હિતને ધ્યાને રાખી શાળાનો સમય સવારના ૭-૦૦ થી ૧૦-૪૫ના કરવો જોઈએ જેથી હિટવેવના પ્રકોપથી શિક્ષકોની સાથે બાળકોને બચાવી શકાય. આવી સ્થિતિ લાંબો સમય ચાલશે તો શાળા સંકુલોમાં શિક્ષકો અને બાળકો મોટી સંખ્યામાં હિટવેવની ઝપેટના કારણે બિમારીના આવરણમાં આવી જાય તેવી દહેશત વધી છે.

**ગરમી પ્રકોપથી બચવાના ઉપાય..**

જિલ્લાના ડૉક્ટરોએ જણાવ્યું છે કે હિટવેવના કારણે બાળકો માંદા પડવાની શક્યતા વધુ છે. પ્રજાએ પણ હિટવેવના કારણે અનેક સાવધાની રાખવી પડશે. ગરમી પ્રકોપથી બચવા પ્રજાએ બપોરે ૧૨-૦૦ થી ૩-૦૦ કામ વગર બહાર જવાનું ટાળવું. ઘરની બહાર નિકળતી વખતે પાણીની બોટલ અવશ્ય રાખવી. ડી-હાઈડ્રેશનથી બચવા લીંબુ પાણી, છાશની વધુ ઉપયોગ કરવો. શક્ય હોય ત્યાં સુધી સૂતરાઉ કપડાં પહેરવાં.

### માત્ર હિંમતનગરમાં અત્યાર સુધીમાં ૧ ગેરરીતી કેસ

# જિલ્લામાં ધો.૧૦ બોર્ડ પરીક્ષા નિર્વિદને સંપન્ન, હિન્દી-સંસ્કૃતનાં પ્રશ્નપત્ર સરળ

## ૪૬ હજારથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી, એકપણ વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત ન થતાં રાહત

બાયડ (બ્યુરો એફિસ) તા.૧૦ જિલ્લામાં શનિવારે ધો.૧૦ બોર્ડ પરીક્ષા નિર્વિને સંપન્ન થઈ. હિન્દી-સંસ્કૃતનાં પ્રશ્નપત્ર અત્યંત સરળ રહ્યાં છે. તમામ વિષયના પ્રશ્નપત્રો સરળ રહેતાં આ વર્ષે ઉંચા પરિણામની સંભાવના વધુ છે. જિલ્લામાં એકમાત્ર હિંમતનગરના ફેઈથ પરીક્ષા કેન્દ્રમાં ગેરરીતીને એક કેસ નોંધાયો છે. અરવલ્લી જિલ્લામાં ગેરરીતીનો એકપણ કેસ નોંધાયો નથી. ૪૬ હજારથી વધુ વિદ્યાર્થીઓએ તબક્કાવાર પરીક્ષા આપી પરંતુ એકપણ વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત ન થતાં શિક્ષણ અને વહીવટી તંત્રને મોટી રાહત જણાઈ હતી. અંતિમ વિષયની પરીક્ષા આપ્યા પછી અનેક કેન્દ્રો ઉપર વિદ્યાર્થીઓ ઉછળતા. કૂદતા અને જય હો..ના નારા સાથે પરીક્ષાખંડની બહાર આવતા જોવા મળ્યા.



પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લામાં બોર્ડ પરીક્ષા શરુ થાય તે પૂર્વ કોરોના સંક્રમણની આશંકા સેવાતી હતી. ગત તા.૨૮ માર્ચથી ગુજરાતી વિષય સાથે ધો.૧૦ બોર્ડ પરીક્ષાનો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૬૧ પરીક્ષા કેન્દ્રો ઉપરથી પ્રારંભ થયો હતો. ગેરરીતી અટકાવવા માટે તમામ પરીક્ષા કેન્દ્રોને સી.સી.ટીવી કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા હતા. મહત્વના વિષયની પરીક્ષા દરમ્યાન કેન્દ્રો ઉપર વિઝીલન્સ સ્કવોર્ડ મોકલવામાં આવી પરંતુ એકંદરે પ્રશ્નપત્રો સરળ રહેતાં આ વર્ષે દરેક શાળાઓનું ઉંચુ પરિણામ આવવાની ધારણા સેવાય છે. જિલ્લામાં કોરોનાએ ત્રીજી લહેરમાં ચિંતા પ્રસરાવી હતી અને બોર્ડ પરીક્ષા દરમ્યાન કોરોનાનું સંક્રમણ વકરે તો કેટલાક પરીક્ષાખંડોમાં પરીક્ષા મુલત્વી રાખવી પડે તેવી દહેશત પણ સેવાતી હતી. પરંતુ નિર્વિઘ્ર તા.૯ એપ્રિલના રોજ બોર્ડ પરીક્ષાનો મહાકુંભ પૂરો થયો છે. જ્યારે આ વર્ષે ગેરરીતીનું પ્રમાણ ઘટ્યું કે પછી શિક્ષણ વિભાગે કોરોનાના કારણે કુણું વલણ દાખવ્યું..?? તેનું આકલન શરુ થયું છે. જે રીતે અત્યંત સરળ પ્રશ્નપત્રો અને વિદ્યાર્થીઓએ સારા ગુણ સાથે ઉત્તિર્ણ થવાનો ભાવ પ્રગટ કર્યો છે તે જોતાં આગામી બોર્ડનું પરિણામ દરેક શાળાઓ માટે સારું રહેશે તેવી સંભાવના વધુ છે.

# મોડાસામાં સેવાનો મહાયજ્ઞ અન્નપૂર્ણા ટ્રસ્ટની સુવાસના ૨૯ વર્ષ પૂર્ણ

## ૩૦માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં વાર્ષિકોત્સવ ઉજવાયો

મોડાસા, તા. ૧૦ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે સેવાકીય કામગીરી કરતી સંસ્થા અન્નપૂર્ણ ટ્રસ્ટને ૨૯ વર્ષ પૂર્ણ થતાં ૩૦ માં વર્ષમાં પ્રવેશ થતાં વાર્ષિકોત્સવ ઉજવવામાં આવ્યો હતો. મોડાસાની શ્રી.સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અન્નપૂર્ણા ટ્રસ્ટ સાથે સંકળાયેલા લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું. લોક ડાઉન જેવા કપરા સમયમાં પણ લોકોની સેવા કરવામાં અન્નપૂર્ણા ટ્રસ્ટ આગળ રહીને હોસ્પિટલ સુધી ટિફિન સેવા પૂરી પાડી હતી.

અન્નપૂર્ણા ટ્રસ્ટ છેલ્લા ૨૯ વર્ષથી લોકોની સેવા માટે વિવિધ સેવાકીય કામગીરી કરીને ૩૦માં વર્ષમાં મંગલ પ્રવેશ કરતા ટ્રસ્ટીઓએ દાતાઓ તેમજ ટ્રસ્ટને મદદરૂપ થતાં સૌ લોકોનો આભાર માન્યો હતો, સાથે રાત-દિવસ અન્નપૂર્ણા ટ્રસ્ટ ખાતે કામગીરી કરતા કર્મચારીઓની સેવાને પણ બિરદાવવામાં આવી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના અગ્રણી બિપીનભાઈ શાહે તમામ લોકોને સેવાની પ્રસંશા કરી હતી.



મોડાસાની શ્રી.સી.જી.બુટાલા સર્વોદય હાઈસ્કૂલ ખાતે યોજાયેલા ૩૦મા વાર્ષિકોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે માનવતાના કેળવણીકાર અને સમાજ ઉત્કર્ષના સાહિત્યકાર મનસુખભાઈ સલ્લા, સંસ્થાના દાતા ચંદ્રવદન શાહ અને મનુભાઈ લાટીવાલા તેમજ અતિથિ વિશેષમાં મોડાસા નાગરિક બેંકના ચેરમેન દીપક શાહ અને મોડાસા નગર પાલિકાના પ્રમુખ જલ્પાબહેન ભાવસાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ અન્નપૂર્ણા ટ્રસ્ટના તમામ ટ્રસ્ટીઓ તેમજ શહેરના અગ્રણીઓ ખાસ કાર્યક્રમનો હિસ્સો બન્યા હતા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના દિલીપ પટેલ અને તેમની ટીમે કર્યુ હતું

**અન્નપૂર્ણા ટ્રસ્ટની સેવાકીય કામગીરીની ઝલક**

૧) ફક્ત ૨ રૂપિયા ટોકન દરે બે ટંક ભોજનની વ્યવસ્થા
૨) દાદા-દાદીનો વિસામો, વૃદ્ધો માટે નિરાંતનો સમય પસાર કરવા માટેની વ્યવસ્થા
૩) આંખની સારવાર તથા વિનામૂલ્ય મોતિયાના ઓપરેશન માટેની સેવા
૪) ઘરે બેઠા સારવાર લેતા દર્દીઓ માટે વોકર થી લઈને વ્હીલચેરની સેવા
૫) ઉનાળામાં અન્નપૂર્ણા ટ્રસ્ટ ખાતે છાશ વિતરણની સેવા

# સરડોઈની પોલીસ ઓફીસર યુવતીનું પોલીસ મહાનિર્દેષક દ્વારા સન્માન

## પી.આઈ. તરીકેની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ ડીસ્ક, પ્રસંશાપત્ર એનાયત

બાયડ (બ્યુરો એફિસ) તા.૧૦ મોડાસા તાલુકાના સરડોઈની જાંબાજ યુવતી અને ગાંધીનગર ટ્રાફીક શાખામાં પી.આઈ.ની ફરજ બજાવતા કુમારી મનિષાકુંવર રણવીરસિંહ પંવારને પોલીસ વિભાગમાં ઉત્કૃષ્ઠ કામગીરી બદલ રાજ્યના પોલીસ મહાનિર્દેષક દ્વારા વર્ષ૨૦૨૦ની પોલીસ સેવાને ધ્યાનમાં રાખી પોલીસ મહાનિર્દેશકની ડીસ્ક અને પ્રસંશાપત્ર એનાયત કરવામાં આવતાં સરડોઈ ગામ તેમજ રાજપૂત સમાજમાં આનંદ છવાયો છે. અરવલ્લી જિલ્લાના સરડોઈ ગામે રાજ્યના પોલીસ વિભાગને અનેક બાહોશ પોલીસ અધિકારીઓ આપ્યા છે.



આજે પણ ગામના અનેક યુવક-યુવતીઓ પોલીસમાં વિવિધ ઉચ્ચ હોદાઓ ઉપર પ્રસંશનીય કામગીરી કરી ગામનું ગૌરવ વધારી રહ્યા છે. જેમાં સરડોઈના નિવૃત્ત ડી.વાય.એસ.પી. રણવીરસિંહ બદનસિંહ પંવારની પુત્રી કુમારી મનિષાકુંવર રણવીરસિંહ પૂવારે ગાંધીનગરમાં પોલીસ ઈન્સ્પેક્ટર તરીકે ઉત્કૃષ્ટ સેવાઓ બજાવી હતી. જ્યારે ધ્યાનમાં રાખી રાજ્યના પોલીસ મહાનિર્દેશક આશિષ ભાટીયા દ્વારા વર્ષ-૨૦૨૦ની પોલીસ સેવાઓની પ્રસંશનીય કામગીરી બદલ તાજેતરમાં કુમારી મનિષાકુંવર કુંવારને પોલીસ વિભાગ માટે ગૌરવપૂર્ણ ગણાતા મહાનિર્દેષકના ડીસ્ક અને પ્રસંશાપત્રથી સન્માનિત કરવામાં આવતાં ગામની પોલીસ વિભાગની કિર્તીમાં વધુ એક ઉમેરો થયો છે.

# અસહ્ય ગરમીમાં મીઠી મધુરી શક્કરટેટીની વધતી માંગ : સાબરકાંઠા-અરવલ્લીમાં દૈનિક બે ટ્રક શક્કરટેટીનું વિક્રમી વેચાણ

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૯ જિલ્લામાં ઉનાળાની આગ આંકતી ગરમીનો કહેર યથાવત રહ્યો છે દેહ દઝાડતી ગરમીથી બચવા મોટા ભાગના પ્રજાજનો શરીરની તંદુરસ્તી પર પૂરતુ ધ્યાન આપી સીઝનેબલ ફળો આરોગવા લાગ્યા છે. જિલ્લામાં ઉનાળો શરૂ થતાં જ બજારોમાં ઉનાળુ ફળોનું આગમન થઈ જતાં પ્રજા પણ ગરમીથી રાહત મેળવવા માટે સીઝનેબલ ફળોનો આશરો લઈ રહી છે જ્યારે ઉનાળાનું અમૃતફળ ગણાતી કેરીઓનું પણ જિલ્લાના બજારોમાં આગમન થઈ ગયું છે ત્યારે કાળઝાળ ગરમીમાં મીઠીમધ જેવી શક્કરટેટી આરોગવાનો નોંખો અંદાજ હોવાથી જિલ્લામાં કેરી કરતાં પણ શક્કરટેટી આરોગનારાઓની સંખ્યા વધુ છે જ્યારે ગરમીની ઋતુમાં શક્કરટેટી ભારે ઠંડક પહોંચાડતી હોવાથી સ્વાભાવિક રીતે જ ઉનાળામાં શક્કરટેટીનું વેચાણ વધુ જતું હોય છે. આ વર્ષે જિલ્લાના નદીકિનારા તથા કેટલાક ખેડૂતોએ ખેતરોમાં શક્કરટેટીનું મોટા પાયે ઉત્પાદન કર્યું હતું અને પાક ઉપજ પણ સારી થતાં બજારોમાં ઠેકઠેકાણે શક્કરટેટીની લારીઓમાં મીઠીમધૂરી શક્કરટેટીનું વેચાણ શરૂ થયું છે. જિલ્લાના ફ્રૂટના વેપારીઓ કહે છે કે અત્યારે બજારમાં કેરીઓની આવક શરૂ થઈ છે પરંતુ મીઠી મધુરી શક્કરટેટીના વેચાણમાં કોઈ ફરક પડ્યો નથી. જિલ્લામાં જેમ ગરમીનો પારો ઉંચકાય છે તેમ શક્કરટેટીની માંગ વધતી હોવાથી વર્તમાન સમયમાં જિલ્લામાં દૈનિક બે ટ્રક શક્કરટેટીનું આસાનીથી વેચાણ થઈ જતું હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. જિલ્લામાં તરબૂચની જેમ શક્કરટેટીના ઉત્પાદન માટે ચાઈના તથા તાઈવાનના બીજનો ઉપયોગ વધ્યો છે પરંતુ શક્કરટેટીનો સ્વાદ દેશી શક્કરટેટીની તોલે આવે તેમ ન હોવાથી ગ્રાહકો દેશી શક્કરટેટી ખરીદવાનો આગ્રહ રાખતા હોવાનું જાણવા મળેલ છે.

# પાલનપુર નજીક આવેલ બાલારામના જંગલમાં કિશોરીના અપહરણથી ચકચાર...

**જંગલમાં છોકરીના નાનાને હુમલો કરી ભાણીને અજાણ્યો યુવક ઘસડીને અપહરણ કર્યું : ધારમાતાના મંદિર આગળ પાર્ક કરેલું એકટીવા સળગાવી નાખ્યું,**

પાલનપુર તા. ૧૦ ગુજરાતના કાશ્મીર તરીકે ઓળખાતા બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુર પાસે આવેલ બાલારામ ના જંગલમાં શુક્રવારે હીચકારી ઘટના ઘટી હતી.

અહીં જંગલની એકલતાનો લાભ લઈ એક ૧૬ વર્ષીય કિશોરીના નાનાને ઘાયલ કરી ભાણીને અજાણ્યો ૩૦ વર્ષનો યુવક અપહરણ કરી ગયો હતો. હદતો ત્યારે થઈ જ્યારે તેમનો કોઈ પીછો ન કરે તે માટે ધારમાતાના મંદિર આગળ પાર્ક કરેલું એકટીવા પણ જતા જતા તેમણે સળગાવી નાખ્યું હતું. પરિવારજનોએ આ મામલે પાલનપુર તાલુકા પોલીસ મથકે ગુન્હો નોંધાવતા પોલીસે ઘટના સ્થળે તપાસ કરી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર તાલુકાના ઉકરડા ગામના વૃદ્ધ પોતાની દીકરીની દીકરીને શુક્રવારે સવારના દસ વાગ્યે ૫૦ જેટલી બકરીઓ લઈ બાલારામ જંગલમાં ચરાવવા ગયા હતા જ્યાં સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે ધારમાતા મંદિરની બાજુમાં આવેલ પગદંડી જમણી બાજુએ જંગલમાં બકરીઓ ચરાવતા હતા તે દરમ્યાન એક અજાણ્યો ૨૫ થી ૩૦ વર્ષનો યુવક ત્યાં આવી ભાણીને હાથ પકડીને લઈ જવાની કોશિશ કરતા પ્રતિકાર તેણે છરી કાઢી પેટ પર મૂકી સગીરાને સોંપી દેવાનું કહ્યું હતું જોકે વૃદ્ધે પ્રતિકાર કરતા હુમલાખોરે હાથમાં રહેલો ધોકો માથામાં મારતા લોહી નીકળવા લાગ્યું હતું નીચે પડી જતા બંને પગ ઉપર ત્રણ વખત ધોકા મારતા અને ચક્કર આવતા બેહોશ થઈ ગયો હતો.

તે દરમિયાન યુવક સગીરાને ઘસડીને મંદિર તરફના જંગલ તરફ લઈને જતો રહ્યો હતો. જે બાદ હોશમાં આવી તેમના ઘરે જઈ જમાઈને અને પરિવારના સભ્યોને વાત કરતા જંગલમાં ફરી શોધવા ગયા હતા.

જ્યાં મંદિર આગળ પાર્ક કરેલી સફેદ રંગની એકટીવા કોઈએ સળગાવી હતી. પોલીસે ઘટનાસ્થળે તપાસ દરમિયાન જણાવ્યું કે હુમલાખોરે કોઈ પીછો ન કરાય તે આશયથી આ એકટીવા સળગાવી હશે એવું અનુમાન લગાવ્યું હતું. પોલીસને હુમલાખોરની ઓળખ આપતા વૃદ્ધ એ જણાવ્યું હતુ કે તેણે ' સફેદ શર્ટ, કાળા કલરનું પેન્ટ પહેરેલ હતું. તેના ચહેરા ઉપર આછી-પાતળી દાઢી અને મૂછ હતી.

## જન્મદિને વધામણી




મુકેશભાઈ પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી



વેદમિત્ર પટેલ
બાયડ



નટવરભાઈ લવજીભાઈ પટેલ
નિવૃત્ત બેંક અધિકારી
આકરુન્દ તાલુકો ધનસુરા



ગણપત યુનિવર્સિટીના નર્સિંગ ઈન્સ્ટિટયુટે વર્લ્ડ હેલ્થ ડે ઉજવ્યો હતો. આ ઉદ્‌ઘાટન સમારંભમાં ગણપત યુનિ.ના પ્રેસીડેન્ટ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, બોર્ડ ઓફ ગર્વનન્સના મેમ્બર ડૉ. ગિરિબાળાબહેન પટેલ, વિશેષ વ્યાખ્યાતા તરીકે નર્સિંગના કન્સલ્ટંટ અને ચેન્નાઈના સુખ્યાત પ્રો. ડૉ. શારદા રમેશ, ગુજરાતના નર્સિંગ ટીચર્સ એસો.ના પ્રેસિડેન્ટ પ્રો. હિમાંશુ ત્રિવેદી, નેશનલ લેવલના નર્સિંગના ટીચર્સ એસો.ના પ્રમુખ ડૉ. ફારુખ ખાન 'ઓનલાઈન' ઉપસ્થિત રહ્યા હતા.